પત્રિકા
૧૯૦

# ચિરાગે હિદાયત

૨૧/૧૨/૧૮
૧૨ ૨.આખર

## આખેરત

આખેરતની ડરાવનારી મંઝિલોમાંથી એક મંઝિલ કબ્ર છે. જે દરરોજ અવાજ આપે છે કે ‘‘હું ગુરબતનું ઘર છું, હું ડરાવનારૂં ઘર છું, હું કીડાઓનું ઘર છું.’’ આ મંઝિલમાંથી પસાર થવામાં ઘણી મુશ્કિલ જગ્યાઓ છે. અમે અહિં અમુક મુશ્કેલીભરી જગ્યાનો ઝિક્ર કરશું.

### ૧) વહેશતે કબ્ર :

કિતાબ ‘મન લા યહઝરહુલ ફકીહ’માં છે કે જ્યારે મય્યતને કબ્રની પાસે લાવવામાં આવે તો તેને તરત જ કબ્રમાં ન ઉતારવી જોઈએ કેમ કે આ અતિશય ડરાવનારી જગ્યા છે અને મય્યત કબ્રમાં અલ્લાહ તઆલાના ખૌફથી પનાહ માંગે છે. મય્યતને થોડા સમય માટે કબ્રથી દૂર રાખવું જોઈએ કે જેથી મય્યત થોડોક આરામ કરીને કબ્રની ખૌફનાક મંઝિલ માટે હિંમત અને તાકાત પૈદા કરી શકે. પછી થોડું ચાલીને રોકાઈ જવું જોઈએ. ત્યારપછી મય્યતને કબ્રની પાસે લઈ જવામાં આવે.

અલ્લામા મજલીસી(અ.ર.) આની શર્હમાં ફરમાવે છે ‘‘મર્યા પછી ઈન્સાનની રૂહ તેના શરીરથી અલગ થઈ જાય છે પણ કબ્રમાં તે રૂહ ફરીથી શરીરમાં આવી જાય છે.’’

કબ્રનો અંધકાર, સવાલ જવાબ, મુન્કિર નકીર, ફિશારે કબ્ર અને દોઝખનો અઝાબ ડરાવનારા મકામો છે. આ માટે આપણા માટે જરૂરી છે કે મય્યતની પરિસ્થિતી ઉપર ગૌરો ફિક્ર કરીએ. કેમ કે કાલે આ જ મંઝિલ આપણે પણ જોવાની છે.

એક હદીસમાં યૂનુસથી મન્કુલ છે કે તેમણે હઝરત ઈમામ મુસા કાઝિમ(અ.સ.)થી સાંભળ્યું "તે દરેક ઘરનો દરવાજો કે જેનો હું ખયાલ કરૂં છું. તે જ ઘર મારી માટે સંકોચાઇ જાય છે." પછી ફરમાવ્યું કે "આ તે માટે કે જ્યારે તું મય્યતને કબ્રની પાસે લઈ જા તો તેને થોડો સમય આપ કે જેથી તે મુન્કિર-નકીરના સવાલ માટે તૈયાર થઇ શકે."

બરા ઈબ્ને આઝિબ કે જેઓ મશહુર સહાબી હતા. તેઓ રિવાયત કરે છે કે એક વખત તેઓ હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) પાસે બેઠા હતા. ત્યારે આપ(સ.અ.વ.)ની નજર એક ગિરોહ ઉપર પડી કે જેઓ એક જગ્યાએ ભેગા થયેલા હતા. આપ(સ.અ.વ.)એ લોકોને પૂછ્યુ કે "લોકો અહિં શા માટે ભેગા થયા છે?" લોકો કહયુ કે "કબ્ર ખોદવા માટે જમા થયા છીએ." રાવી કહે છે કે જ્યારે આપ(સ.અ.વ.)એ કબ્રનું નામ સાંભળ્યું તો જલ્દીથી તેઓની તરફ ચાલવા લાગ્યા અને ત્યાં પહોંચીને કબ્રના એક

કિનારા પર બેસી ગયા. અને હું કબ્રના બીજા કિનારા પર બેસી ગયો કે જેથી હું જોઇ શકું કે આપ(સ.અ.વ.) શું કરી રહ્યા છે? મેં જોયું કે આપ(સ.અ.વ.) એટલું રડ્યા કે આપ(સ.અ.વ.)નો મુબારક ચહેરો આંસુથી ભીનો થઇ ગયો. પછી આપ(સ.અ.વ.)એ અમારી તરફ ફરીને કહ્યુ "અય મારા ભાઇઓ! આવા જ મકાન માટે તૈયારી કરો."

શેખ બહાઇથી મનકુલ છે કે તેમણે અમુક હાકિમોને જોયા કે જેઓને મૌત સમયે અફસોસ સિવાય બીજું કાંઇ ન મળ્યું. તે મરવાવાળા શખ્સને પૂછવામાં આવ્યું કે "તારો આ હાલ કયા કારણથી છે?" તેણે જવાબ આપ્યો કે "તમે તે શખ્સના બારામાં શું વિચાર ધરાવો છો કે જે એક લાંબા સફર ઉપર કોઇ સામાન વગર ચાલ્યો જાય અને કોઇપણ મદદગાર વગર ડરામણી કબ્રમાં એકલો રહે તેમજ અલ્લાહની સામે કોઇપણ દલીલ વગર પેશ થાય?"

કુતુબે રાવંદીથી મનકુલ છે કે હઝરત ઇસા(સ.અ.વ.)એ પોતાની વાલેદા જનાબે મરિયમને તેમની વફાત પછી અવાજ આપીને કહ્યુ "અય મા! મારી સાથે વાત કરો. શું આપ દુનિયામાં પરત આવવાની ઇચ્છા ધરાવો છો?" તો જનાબે મરિયમે જવાબ દીધો કે "હા. એ માટે કે લાંબી અને ઠંડી રાતોમાં નમાઝ પઢું તેમજ લાંબા અને

ગરમ દિવસોમાં રોઝા રાખું. અય મારી જાન! આ રસ્તો ઘણો જ સખ્ત અને દર્દનાક છે.''

**૨) ફિશારે કબ્ર :**

ફિશારે કબ્રનો વિચાર જ ઈન્સાનને દુનિયામાં બેચેન કરવા માટે કાફી છે. હઝરત અમીરૂલ મોઅમેનીન(અ.સ.)એ ફરમાવ્યું ''અય અલ્લાહના બંદાઓ મૌત પછી કબ્રમાં જે કાંઈ તે શખ્સની સાથે થશે કે જેના ગુનાહ માફ નહિં થાય. તે મૌતથી પણ વધારે સખ્ત છે. ફિશારે કબ્ર અને તન્હાઈથી ડરો. બેશક કબ્ર દરરોજ અવાજ આપે છે કે હું તન્હાઈનું ઘર છું. કબ્ર જન્નતના બાગોમાંથી એક બાગ છે અથવા તો આગના કુવામાંનો એક કુવો છે.'' અહીં સુધી કે આપ(અ.સ.)એ ફરમાવ્યું ''બેશક, કબ્રની તે ઝિંદગી કે જેને અલ્લાહ તઆલાએ પોતાના દુશ્મનોને અઝાબે કબ્રથી યાદ કર્યા છે. તે આ છે કે એવા કાફિરની કબ્રમાં ૯૯ અજગર નાઝિલ કરશે. જે તેના ગોશ્તને ખેંચીને ખાઈ જશે અને તેના હાડકાઓને તોડી નાખશે. આ જ પ્રમાણે કયામત સુધી સતત કરતા રહેશે. અગર તેમાંથી એક અજગર ઝમીન તરફ શ્વાસ લઈ લે તો ઝમીન ઉપર કોઈ શાક-ભાજી ન ઉગી શકે. અય અલ્લાહના બંદાઓ! તમારી રૂહ એટલી કમજોર અને તમારૂં શરીર એટલુ નાજૂક છે કે જેની માટે એક કમજોર અજગર કાફી છે.''

### ૩) મુન્કીરો નકીરનું કબ્રમાં સવાલ કરવું :

કબ્રમાં અકાએદ અને આમાલના બારામાં સવાલો કરવામાં આવે છે. આ સવાલો દરેક મોઅમીન અને કાફિરને કરવામાં આવે છે. પણ બાળકો, પાગલ અને કમઅકલના બેવકૂફ લોકોને તેમના હાલ ઉપર છોડી દેવામાં આવશે. બરઝખનો ઝમાનો બરઝખવાળાઓ માટે જઝા અને સજાનો ઝમાનો નથી.

નમાઝ, રોઝા, હજ, ઝકાત, ખુમ્સ અને મોહબ્બતે એહલેબૈત(અ.મુ.સ.) તેમજ ઉમ્ર અને માલના બારામાં સવાલ કરવામાં આવે છે. જેમ કે ઈમામ ઝયનુલ આબેદીન(અ.સ.)થી એક રિવાયતમાં નકલ થયું છે કે "ઈસ્લામના અકાએદ પછી જે સવાલ કરવામાં આવશે કે પોતાની ઉમ્ર ક્યાં ઈસ્તેમાલ કરી? માલ કેવી રીતે કમાણો અને ક્યાં ખર્ચ કર્યો? અમુક લોકોની જબાન મૂંગી થઈ જાય છે, ડરના કારણે જવાબ નથી આપી શક્તા અથવા તો ખોટો જવાબ આપી દે છે. તેમજ ફરિશ્તાના સવાલ ઉપર કહે છે કે શું તમે ખુદા છો? અગર દુનિયામાં તેમના અકાએદ વ્યવસ્થિત રહ્યા હશે તો સાચો જવાબ આપી દે છે. સાચો જવાબ દેનારાની કબ્રને તેની નજર પહોંચે છે ત્યાં સુધી પહોળી કરી દેવામાં આવશે અને બરઝખનો ઝમાનો આરામ, સુકૂન તથા

નેઅમતે પરવરદિગારથી ફાયદો ઉઠાવીને વિતાવે છે. ફરિશ્તાઓ તેને કહે છે કે તું નવી દુલ્હનની જેમ સુઇ જા. જો તે અગર કાફિર અથવા મુનાફિક હશે તો સાચો જવાબ નહિ આપી શકે અને તેની કબ્રની તરફ જહન્નમનો એક દરવાજો ખોલી દેવામાં આવે છે અને તેની કબ્ર આગથી ભરી દેવામાં આવે છે.''

જેમકે અલ્લાહ તઆલા કુરઆને હકીમમાં ઈરશાદ ફરમાવે છે. ''અગર ઈન્કાર કરનારાઓ ગુમરાહોમાંથી છે તો તેની મહેમાની ઉકળતું પાણી છે અને જહન્નમમાં દાખલ કરી દેવામાં આવશે.''

હઝરત ઈમામ જાફર સાદિક(અ.સ.)થી રિવાયત છે કે આ ત્રણ ચીઝોનો મુન્કિર અમારા શિયાઓમાંથી નથી. ૧) મેઅરાજ, ૨) કબ્રમાં સવાલ અને ૩) શિફાઅત.

પરવરદિગારે આલમથી દુઆ છે કે અમને કબ્રના આ ખૌફનાક મંઝરથી અમનો અમાનમાં રાખે અને અમે આખરી શ્વાસ સુધી દરે એહલેબૈતથી જોડાયેલા રહીએ. આ માટે કે તેમની જ શિફાઅત આપણી માટે નજાતનો રસ્તો છે. બારે ઈલાહા! યુસૂફે ઝહરા ઈમામે ઝમાના(અ.સ.)ના ઝહુરમાં તાઅજીલ ફરમાવ.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com